ગાંધીનગર સમાચાર

# સંબંધોની એક્સપાયરી ડેટ!

શું સંબંધોની પણ કોઈ એક્સપાયરીડેટ હોય ખરી? આપણો સંબંધ કોઈ વ્યક્તિ સાથે હજી ચાલુ છે કે પૂરો થઈ ગયો એની ખબર કેવી રીતે પડે?



ભરતે ખૂબ દુખી થઈને કહ્યું, 'નિમલા મને લાગે છે કે મારી પત્નીને હું નથી ગમતો!'

'કેમ એવું લાગે છે? એ તારી વાત નથી સાંભળતી? તારું ધ્યાન નથી રાખતી? ઘર નથી સાંભળતી?'

'એવું તો એ બધું કરે છે નિમલા પણ લગ્ન પહેલા અમે જેવી રીતે કલાકો વાતો કરતાં, એકબીજાને મળવા આતુર થઈ જતાં એવું હવે નથી રહ્યું.'

'નોર્મલ છે, નવું નથી! પ્રેમિકા અને પત્નીમાં એટલો ફરક તો રહેવાનો! તું જ કહે તે છેલ્લે ક્યારે એના વખાણ કરેલા, જેવા તું લગ્ન પહેલા કર્યા કરતો? કારણ વગર એને 'આઈ લવ યુ' કહે છે? સવારથી લઈને સાંજ સુધી તું એને શું કહેતો હોય છે? કોઈકનું કોઈ કામ ચીંધવા સિવાયની વાત કરે છે?'



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

'તારી વાત બરાબર છે નિમલા પણ એ હવે મારી સામે પ્રેમથી જોતીય નથી!'

'એક વાત કહે ભરતા, તું તારી પત્નીને પ્રેમથી જુએ છે? વાંક ખાલી તારી પત્નીનો નથી તમારા બંનેનો છે. એક બીજા સાથે જીવતા જીવતા, સંસાર સંભાળતા આપણને ક્યારે એકબીજાની આદત પડી જાય છે એની આપણને જ ખબર નથી પડતી. પ્રેમ તો આજેય એવો જ અકબંધ છે પણ એ છુપાઈ ગયો છે, જવાબદારીઓના આવરણ તળે! જો ખરેખર તને એમ લાગતું હોય કે તારા લગ્ન જીવનમાં પ્રેમ ઓછો થઈ રહ્યો છે તો એને વધારવાની શરૂઆત કર, આજથી જ કર અને તું જ કર. શું ખબર તારી પત્ની પણ રાહ જોઈ રહી હોય કે, તું ક્યારેક, ભલે થોડીવાર પૂરતો, પહેલા જેવો બની જાય.'

'હમ્મ...સમજ્યો. મારી પત્નીમાં જ મારી પ્રેમિકા ક્યાંક ખોવાઈ ગઈ છે, ઘર સંભાળવામાં ભુલાઈ ગઈ છે અને એને મારે જ શોધવી પડશે, હેં ને?

'રાઈટ ભરતા પણ યાદ રાખજે સંબંધોમાં કોઈ એક્સપાયરી ડેટ નથી હોતી એને સજીવન કરવાનું તમારા હાથમાં છે સામેવાળું તમારી અવગણના કરવા લાગે કે ચેતી જજે એ અંત નથી પણ અંત તરફની શરૂઆત છે, ત્યાંથી પાછા ફરી શકાય છે!'

# આજે શિવરંજની દ્વારા ઓનલાઈન સંગીત કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

'સૂર શબ્દની ઉપાસના એકમાત્ર ધ્યેય'ને સાચા અર્થમાં ચરિતાર્થ કરતી ગાંધીનગરની તમારી સંસ્થા શિવરંજની એ ઘણા ઉતાર-ચઢાવ જોયા છે COVID-19 કોરોના રોગના સમયમાં પણ શિવરંજનીના ચાહકો સંગીત વગર એકલતા અનુભવવા લાગ્યા ત્યારે નવી ટેકનોલોજી સાથે તાલ મિલાવીને આ મહારોગ સામે માનસિકતા મજબૂત કરવા શિવરંજનીએ ONLINE PROGRAM કરવાનું નક્કી કરેલ છે નવા આયામ નવો પ્રકાર અને નવી શરૂઆત સાથેના આ એક નવતર પ્રયાસ ના પ્રથમ ચરણમાં તારીખ ૨૧-૫-૨૦૨૦ ના રોજ ૯ : ૦૦ થી બે સેશનમાં આપણા પોતાના જ આપ્તજન કલાકારો દ્વારા 'ઉઘડતા સુર' નો કાર્યક્રમ ZOOM Application પર યોજાશે. આ કાર્યક્રમનો લાભ લેવા માગતા ગુણીજનો એ પોતાના મોબાઈલમાં ZOOM Application ડાઉનલોડ કરવાની રહેશે (For any Guidence contect : C L Mehta-9426009649 અને Atulbhai - 9978406515) આ અંગેની બીજી વિગતો નીચે મુજબ છે.

**Session-1 at 9 - 9.40pm**
**Join Zoom Meeting**
https://us04web.zoom.us/j/76945207520?pwd=emhFdDZHc1Bna016di94SVJGeTdndz09
**Meeting ID: 769 4520 7520**
**Password: shiv1**
**Session-2 at 9.50 10.30pm**
**Join Zoom Meeting**
https://us04web.zoom.us/j/79910742071?pwd=bnFMMlU5WXNRakt5S3U4Zmh6RENTQT09
**Meeting ID: 799 1074 2071 Password: shiv2**



**૮૬ વખત રકતદાન કરતા ડો.શશાંક સિમ્પી...**

ગાંધીનગર રાજભવન ખાતે સિનિયર મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો. શશાંક સિમ્પીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રકતદાન કર્યું હતું. ડો. શશાંક સિમ્પી દર ત્રણ માસે નિયમિત રૂપે રકતદાન કરે છે. અત્યાર સુધીમાં ડો.શશાંકે ૮૬ વખત રકતદાન કરી જરુરીયાત મંદોને મદદરુપ બન્યા છે.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા

# 'આર્ટ ઓફ પેરેન્ટીંગ એન્ડ ચાઇલ્ડ કેર' વિષય પર વેબિનાર

ગાંધીનગર, તા.૨૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અંતર્ગત યોજાયેલ આ વેબિનારમાં જાણીતા બાળ ચિકિત્સક ડૉ. રઈશ મણિયાર અને મનોચિકિત્સક ડૉક્ટર હંસલ ભચેચે સહભાગીઓને માર્ગદર્શન આપ્યું હતું.

નિમંત્રિત વક્તા અને સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ શ્રી રમાશંકર દુબેજીએ બાળકના ઉછેરમાં માતા-પિતાના આધ્યાત્મિક અભિગમ અને ભારતીય સંસ્કૃતિની મહત્તા સમજાવી હતી.




ડૉક્ટર મણિયારે બાળકોને થોડી સ્વાયત્તતા આપવાની, તેમને સાંભળવાની તથા સ્વતંત્ર રીતે વિચારવાની માતા-પિતાએ તક આપવી જોઈએ સાથે જ ડિજિટલ ગેઝેટ્સના ઉપયોગ પર નિયંત્રણ રાખવું જોઈએ તેવું પણ સૂચન કર્યું હતું.

મનોચિકિત્સક ડૉક્ટર હંસલ ભચેચે માતા-પિતાએ ધીરજ અને શ્રદ્ધા વડે બાળઉછેર કરવો જોઈએ, કારણકે બાળકના ઉછેર માટે કોઈ નિયમ શોધવા કે બનાવવા શક્ય નથી તેમ જણાવ્યું હતું.

ઉચ્ચ શિક્ષણના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્માએ બાળ ઉછેરના મુદ્દે જણાવ્યું હતું કે દરેક બાળક ભિન્ન છે, દરેક બાળક પાસે યૂનિક સ્ટ્રેન્થ છે, તેની સરખામણી ક્યારેય બીજા બાળક સાથે ન કરો, હંમેશા તેમનુ સન્માન જાળવો.

ગુજરાતના રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ પણ પ્રસંગોચિત માર્ગદર્શન આપ્યું હતું.

જ્યારે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સંયુક્ત કુટુંબ પર ભાર મૂકતાં કહ્યું હતું કે પહેલાના સમયમાં સંયુક્ત કુટુંબ હોવાના કારણે કોઠાસૂઝ, સકારાત્મક વલણ અને વાણી-વર્તનના વ્યવહારના આધારે જ બાળકોનો શ્રેષ્ઠ ઉછેર થતો હતો.

આ વેબિનારમાં ભાગ લેવા સમગ્ર દેશભરમાંથી ૫૦૦૦ થી વધુ રજિસ્ટ્રેશન થયા હતા. અને ફેસબુકના માધ્યમથી આ વેબિનારને ૧૧ હજાર લોકોએ નિહાળ્યો હતો.

# 'વિનોદ સપ્તાહ' દરમિયાન કોરોનાનો કકળાટ કાઢી હવે હઠીલા વાયરસને હંફાવશે હાસ્યરસ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના ખ્યાતનામ હાસ્ય લેખક સ્વ. વિનોદ ભટ્ટની ૨૩મી મેના રોજ તૃતીય પૂણ્યતિથિ છે. એમના અંતિમ સમયના નિકટના મિત્ર કવિ ભાગ્યેશ જહાએ આ નિમિત્તે 'વિનોદ સપ્તાહ' દ્વારા વિનોદ ભટ્ટના જ હાસ્ય નિબંધ દ્વારા અંજલિ અર્પણ કરવાના છે. વિનોદ ભટ્ટના પુસ્તકો પહેલું સુખ તે મૂંગી નાર, આજની લાત, વિનોદ ભટ્ટના પ્રેમપત્રો, ઈદમ તૃતિયમ સહિતના અન્ય પુસ્તકના નિબંધનું વાચિકમ કરવાના છે. આ વિનોદ સપ્તાહ આઠ દિવસ સુધી યુટ્યુબ ચેનલ પર પ્રસારિત થશે.




વિનોદ સપ્તાહમાં ગુજરાતના ખ્યાતનામ સર્જક અને નવોદિત સર્જક એમના નિબંધનું પઠન કરવાનાં છે. એમાં રતિલાલ બોરીસાગર, ગુણવંત શાહ, ફિલ્મ અભિનેતા મનોજ જોશી, કવિ ડો. રઈશ મણિયાર,અર્ચન ત્રિવેદી, નવગુજરાત સમયના ચિફ એડિટર અજય ઉમટ, કવિ ભાગ્યેશ જહા, કવિ હરદ્વાર ગોસ્વામી, નિસર્ગ ત્રિવેદી, સંજય થોરાત અને અમેરિકાથી પ્રાર્થના જહા ભાગ લેવાના છે. વિનોદ સપ્તાહનું આયોજન કવિ ભાગ્યેશ જહા અને ગાંધીનગર સાહિત્યસભાના સહયોગથી આયોજિત કરવામાં આવ્યું છે. સ્વ.વિનોદ ભટ્ટના પુત્ર સ્નેહલ ભટ્ટ અને ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે આ અનોખી વિનોદ સપ્તાહમાં સ્વ. વિનોદ ભટ્ટને હાસ્યાંજલિ અર્પણ કરવા અને એમની અવનવી વાતો માણવા યુટ્યુબ પર ભાગ્યેશ જહા ચેનલ પર આમંત્રણ આપ્યું છે.

# મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા હિન્દી કવિઓનું સન્માન

ગાંધીનગર, તા. ૨૦

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ સામાજિક કાર્યકર, વયસન મુક્તિ અભિયાન પ્રણેતા તેમજ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજનાર ભૂત પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડેંટ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસ, ઈંડિયન લાયન્સ ગાંધી નગર તથા હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક દ્વારા તારીખ ૧૭ મે ૨૦૨૦ ના રોજ આયોજિત હિન્દી કવિ સંમેલન માં ભારત દેશ મા થી તથા ગુજરાત પ્રદેશમાંથી કવિઓ એ પોતાની ઉમદા રચના ઓ પ્રસ્તુત કરી હતી. વિષય - જવાની દિવાની : ઉપર અદ્ભૂત રચનાઓ પ્રસ્તુત થઈ હતી. આ કવિઓને સમ્માનિત કરવાના કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર ગાંધીનગરના મૅયર શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા ૫૦ જેટલા હિન્દી કવિઓને તારીખ ૧૯ મે ૨૦૨૦ના રોજ સાંજે ચાર વાગ્યે ઑનલાઈન 'શ્રી હરિવંશરાય બચ્ચન સન્માન'થી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. મણિમુથા જલગાંવ મહારાષ્ટ્ર સામાજિક કાર્યકર, સાહિત્યકાર અને માનવ સેવા ને ભગવાન માનનાર નારી શક્તિ માટે મધર ડે પર તેમજ પૃથ્વી દિવસ પર કાર્યક્રમ યોજનાર ડૉ મણી મુથા ઉપસ્થિત રહ્યા હતા અને કવિ ઓ ને સમ્માનિત કરવામાં જોડાયા હતા.

આ કાર્યક્રમનું સંચાલન સચિવ રમેશ ભાઈ મૂલવાણી દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે વિનિત અસર પ્રસિધ્ધ ગઝલ કાર પણ જોડાયા હતા. આ પ્રસંગે ચાંદખેડાના સુનીતા વ્યાસ દ્વારા સરસ્વતી વંદના કરવામાં આવી હતી, સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા મહેમાનો નું શબ્દો રૂપી ફૂલ માળા અર્પણ કરી સ્વાગત કર્યું હતું, સંસ્થાની જાણકારી આપી હતી. અંત માં આભાર વિધિ ડૉ ભાવના સાવલિયા રાજકોટ દ્વારા કરવામાં આવી અને જનગણમન રાષ્ટ્ર ગીત ગાઈ કાર્યક્રમ ને પૂરો જાહેર કર્યો હતો.



**સ્મિત ફાઉન્ડેશન દ્વારા ઘર-ઘર સુધી પહોચ્યું રાશન**

સ્મિત ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર અને અમદાવાદ અલગ અલગ વિસ્તારમાં કોરોનાના કપરા સમયમાં નિરંતર સેવા આપી રહી છે મોટાભાગના શ્રમિકોની આજીવિકા વિહીન થઈ ગયા છે અને માધ્યમ વર્ગની જરૂરિયાતમંદ વ્યક્તિઓને અનાજ કીટ આપી અમદાવાદ અને ગાંધીનગરના અનેક જીલ્લાના ગામોમાં રાશન જીવવાનો આધાર પૂરો પડ્યો હતો અહી અનાજની કીટ માટે લોકો બુમો પડી રહ્યા હતા કે એકનું એક ખાઈ થાકી ગયા છીએ અનાજની કીટ આપસો તો જે હશે એ ખાઈ લેશું, રોજ કમાઈ રોજ ખાનારા માટે તો અતિવિકટ પરિસ્થિતિ છે આ પરિસ્થિતિમાંથી બહાર નીકડે સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખનો તેવો પ્રયાસ. અંધ,અપંગ ગરીબ, પરપ્રાંતના લોકો અને આ સિવાય મધ્યમવર્ગના લોકો જે માગી નથી સકતા અને બોલી પણ નથી સકતા તેવા લોકોને અનાજ ની કીટ આવામાં આવી હતી. અનાજ કીટની સેવા માટે જીત પારેખ, જયશાહ, અભીશેક રાજ્યગુરુ, ચિરાગ મહેતા, ક્રીશ, જીતેન શેખની દ્વારા ટીમ બનાવી આલગ આલગ ગમાંમો મોકલી હતી. લોકડાઉન સમયે બધાજ જરૂરિયાતમંદ લોકોને અનાજ કીટ મળે તેવો પ્રયાસ કરાયો હતો.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સલગ્ન સર્વ નેતૃત્વ ટીમ દ્વારા ચાર દિવસીય વેબિનારનું આયોજન


ગાંધીનગર, તા.૨૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સલગ્ન સર્વ નેતૃત્વ ટીમ દ્વારા યુવાનો અને શિક્ષકો માટે તરીકે ગુજરાતના જાણીતા ટ્રેનર્સ સુરેશભાઈ પટેલ, અનુરાગ મહેતા, હરેશભાઈ પટેલ અને દીપકભાઈ - ઉમાબેન તેરૈયા (ઉદ્દીપક) પટેલ દ્વારા આજના સમયને અનુરૂપ વિધાર્થીઓને ઉપયોગી અને જાણવા જેવી નવીન ૧૦ સાધનો અને તકનીકીઓ વિશે જણાવ્યું હતું કે યુવાનોએ ધ્યાન (Meditation) ને જીવનનો અભિન્ન અંગ બનાવવો જોઈએ જેથી કોઈપણ પરિસ્થિતમાં માનસિક શીખવા અને આપણને મદદ કરનાર સૌને કૃતજ્ઞતા વ્યક્ત કરીએ. આ સમયમાં દ્વેષભાવ, જ્ઞાતિભાવ, મનમાં રહેલી નફરત



લોકડાઉનનાં સમયમાં અને ત્યાર બાદ નવા જોશ, નવીન ઉત્સાહ, નવી સમજ, નવા અભિગમ, નવી આવડત અને નવા વિચાર સાથે આગળ વધે તે હેતુથી ચાર દિવસના વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખુબ મોટી સખ્યમાં વિધાર્થીઓ, શિક્ષકો અને અન્ય આમંત્રિત મહેમાનો ઉત્સાહથી જોડાયા હતા.

સમગ્ર વેબિનારનું આયોજન યુટ્યુબ, ફેસબુક અને ગૂગલ મીટનાં માધ્યમથી કરવામાં આવ્યું હતું જેમાં તજજ્ઞ જોડાઈને વિવિધ વિષયો ઉપર યુવાનોને અને શિક્ષકોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સુરેશભાઈ પટેલે એન્જોય ટાઈમ, મેનેજ ટાઈમ વિષય ઉપર વાત કરતા જીવનનાં અગત્યના ચાર ક્ષેત્રો વ્યક્તિગત, વ્યવસાઈક, સામાજિક અને અધ્યાત્મિક ક્ષેત્રમાં પોતાની જવાબદારી ખુશીપૂર્વક કેવી રીતે નિભાવી શકાય તેની વિસ્તૃત સમજ પૂરી પાડી હતી જ્યારે હરેશભાઈ



જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યાર બાદ અનુરાગ મહેતા કોવિદ-૧૯ના સમયમાં નવીન અભિગમ, નવીન દ્રષ્ટિકોણ, નવા વર્તન સાથે આગળ વધવા આહવાન કરતા અને આંતરિક સ્થિરતા જાળવી શકાય. છેલ્લે દીપકભાઈ - ઉમાબેન તેરૈયા (ઉદ્દીપક) કે જ્યારે સમગ્ર દુનિયા લોકડાઉનમાં છે ત્યારે તમે ક્યા છો? આ પ્રશ્ન સાથે અનેક મુદાઓ ટાકતા જણાવ્યું કે આપડે સૌ ભીતર રહીએ તો બહારનું પ્રદુષણ દૂર કરી શકીશું. આપડી આસપાસના લોકોને બનતી તમામ મદદ કરીએ, નવીન કૌશલ્ય દૂર કરી, હર્દયને સાફ કરી, રાષ્ટ્ર ધર્મ નિભાવતા, વિશ્વ માનવ બનવા માટે આહવાન કર્યું હતું.

કાર્યક્રમનું આયોજન સર્વ વિદ્યાલય સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર આયોજન અને સંકલન સર્વ નેતૃત્વના ઈન્ચાર્જ ડો. ધર્મેન્દ્ર પટેલે કર્યું હતું જેમની સાથે પૂર્વ તાલીમાર્થીઓ સુરજ મુંજાની, પ્રણવ દેસાઈ અને મિત કોયાણી એ સફળતા પૂર્વક પૂરું પાડવા જેહમત ઉઠાવી હતી.

# જન્મદિને વધામણી



**કે ડી રોહિત**
મો. ૯૦૧૮૬ ૭૬૮૫૫



**મીનાક્ષી જયસિંઘાની**
લાયોનેસ કલબ



**અશ્વિનકુમાર માણેકલાલ વ્યાસ**
ફોન : ૨૩૨૨૬૦૯૮



**તુષારકુમાર મુળજીભાઈ**
મો. ૯૮૨૪૧ ૬૪૦૦૩



**અખિલેશ પુરોહિત**
યુવા કથાકાર, ગાંધીનગર



**અરવિંદભાઈ દરજી**
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



**કલ્પ ત્રિવેદી**



**અંક્તિ મહેશભાઈ પટેલ**
ભારતીય જનતા પાર્ટી, વોર્ડ-૨
મો. ૮૬૭૪૦ ૬૭૬૬૧

**ઘરમાં રહો સુરક્ષિત રહો**